લોધીકાના મહે. પ્રિન્સીપાલ સિવિલ જજ અને જયુ. મેજી. ફ.ક. સાહેબની કોર્ટ, મુકામ લોધીકા

આંકઃ –

ફરીયાદી : શ્રી સરકાર

વિરુદ્ધ

આરોપી : રોહિતભાઈ નાનુભાઈ નાયક
ઉ.વ.૪૦,રહે.ગોલ્ડન ગ્રીન ઈન્ડસ્ટ્રીઝ ખાંભાગામની સીમ,તા.લોધિકા,
જી.રાજકોટ.

**ગુનોઃ – ગુજરાત નશાબંધી ધારાની કલમ – ૬૬(૧)બી મુજબ**

–:: ચુ કા દો ::–

(૧) ફરીયાદપક્ષના કેસની હકીકત એવી છે કે,આરોપી સામે ગુજરાત નશાબંધી ધારાની કલમ મુજબના શિક્ષાને પાત્ર ગુના અંગે લોધીકા પોલીસ સ્ટેશન પ્રોહી ગુ.ર.નં. ૧૧૨૧૩૦૩૦૨૨૦૪૫/૨૦૨૨ના કામે ગુનો દાખલ થયેલ અને તપાસના અંતે પોલીસે આરોપી વિરુદ્ધનુ ચાર્જશીટ અત્રેની કોર્ટ સમક્ષ રજુ કરવામાં આવેલ છે.

(૨) આરોપી કોર્ટ રુબરુ હાજર થતા તેઓને પોલીસ પેપર્સની નકલો મફત આપ્યાની ખાત્રી કરેલ છે.

(૩) આરોપી સામે પ્લી રેકર્ડ કરતા ગુનો કબુલ હોવાનુ જણાવેલ છે.

(૪) આરોપીએ ગુના કબુલાત પુરસીસ આપી એમા જાહેરાત કરેલ છે કે મારો આ પ્રથમ ગુનો છે, અમો સામાન્ય અને ગરીબ વર્ગના છીએ, અમારે કોઇ સ્થિર ધંધો નથી, અમો છુટક મજુરીનુ કામ કરીએ છીએ, અમોને મજુરી પણ દરરોજ મળતી નથી જેથી અમો અમારુ તેમજ અમારા કુટુંબનું ગુજરાન કરી શકીએ તેવી સ્થિતિમાં ન હોવાથી મને તનાવમાં ગુનો થઇ ગયેલ. અમોએ દારુ પીધેલ હાલતમાં કોઇ ઉપદ્રવ

કરેલ નથી,ઝગડો કરેલ નથી, અસભ્ય વર્તન કરેલ નથી, અશિષ્ત ભાષા વાપરેલ નથી કે મારા મારી કરેલ નથી અને આ મુજબનો અમારા વિરુદ્ધ આક્ષેપ પણ નથી. ચાર્જશીટમા જાહેર રસ્તામાં વગર પાસ પરમીટે દારુ પીધેલ હાલતમાં છાટકો બની લથડીયા ખાતો મળી આવ્યાનો માત્ર આક્ષેપ છે. અમારી આર્થિક પરિસ્થિતિ સારી ન હોઈ ઉપરાંત રોજગાર પણ ન હોય ટ્રાયલ ચાલતા દરમ્યાન અમારે વારંવાર આવવાની જરુર પડે ઉપ વકીલ રોકીને પૈસા ખર્ચવાની જરુરિયાત રહે અને અમોને કયારેક રોજગારી મળે છે તે પણ ખોરવાઇ જાય જે તમામ હકીકતોએ આ અમારો પ્રથમ ગુનો હોઈ અમો અમારી ભુલ સુધારવા માંગીએ છીએ અને કોર્ટની કાર્યવાહીમાં સમય અને નાણાંનો વ્યય અમારો તથા કોર્ટનો ન થાય તેવા ઉદેશથી માફી આપવા અને રહેમ રાખવા અરજ ગુજારીએ છીએ.

(૫) તમામ રેકર્ડ ઉપરની હકીકતો લક્ષમા લેતા વગર પાસ પરમીટે દારુ પી છાટકો બની લથડીયા ખાતો હોવા સંદર્ભેનો આક્ષેપ છે. આરોપી વિરુદ્ધ ફરીયાદ પક્ષનો એવો કોઈ આક્ષેપ નથી કે પીધેલ હાલતમાં કોઈ સાથે ઉપદ્રવ કરી, ઝગડો કરી, અસભ્ય વર્તન કરી, અશિષ્ત ભાષા વાપરી મારા–મારી કરેલ. આ ગુનાની ટ્રાયલ માટે હાલના અમો સરકારી અમલદાર ફરીયાદ, સરકારી અમલદાર સાહેદ, પંચો, સરકારી અધિકારી, ડોકટર સાહેદ અને સરકારી અધિકારી તપાસ કરનાર અમલદારને તપાસ્યા બાદ જો વ્યાજબી શંકાથી પર પુરાવો રેકર્ડ ઉપર આવે ત્યારે આરોપીને સજા થાય. વર્તમાનમા કોર્ટમાં પેન્ડીંગ કેસની સાથે નવા દાખલ થતા કેસોનું પ્રમાણ લક્ષમાં લેતા ટુંકા સમયમાં હાલના ગુનાની ટ્રાયલ ચલાવીને પુરી કરવી સંભવી શકે નહિ.

નામદાર હાઈકોર્ટ પોતાના ***સંતોષ વિ. સ્ટેટ ઓફ કેરાલા ૨૦૦૩ (૧) KLT ૭૯૫*** માં આરોપી તરફે ગુના કબુલાત સંદર્ભે નીચે મુજબ અવલોકન કરેલ છે કે આવી સ્વૈચ્છિક ગુના કબુલાત કરવા દેવાથી ટ્રાયલનો વહેલા અંત આવી જાય છે અને કોર્ટનાં અમૂલ્ય સમયનો વ્યય ટાળી શકાય છે.

"An identical question came up for consideration before the Allahabad High Court in Ram Kishun v. State of U.P. (1996 Crl.L.J.440). The Allahabad High Court held that a plea of guilt can be taken at any at any stage of trial after framing charge. The court observed that the necessity of

evidence would arise only if and when the charge is not accepted. There is no reason to restrict the applicability of Section−229 of the Cr.P.C. to a particular date or occasion but the purport of section is obvious that plea of guilt can be advanced by an accused at any stage of the trial after framing charge. If an accused is allowed to withdraw his claim to be tried and plead guilty, an earlier termination of the trial can be secured and wastage of the precious time of the court can be avoided.

આરોપીએ પોતાના ગુનાના જણાવેલ સંજોગો ધ્યાને લીધા તેમજ કબુલાત પુરસીસ વંચાણે લીધી..નામદાર ગુજરાત હાઈકોર્ટના **સ્ટેટ ઓફ ગુજરાત વિ.નટવર હરચંદ્રજી. ઠાકોરના૨૦૦૫(૧) જી.એલ.આર.પેજ નં.૭૦૯** તેમજ રમેશચંદ્ર ભીખાલાલ વિ. સ્ટેટ ઓફ ગુજરાત ૨૦૧૩(૨) જીએલઆર ૯૭૪ ના કેસના ચુકાદા વંચાણે લીધા. આરોપીના જણાવ્યા અનુસાર આ તેમનો પ્રથમ ગુનો છે, તેમના પર કુટુંબના ભરણપોષણની સઘળી જવાબદારી છે, અને તે ગુનાનો પસ્તાવો કરે છે. આરોપીને ગુનાનો પસ્તાવો થતો હોઈ તેમજ કાયદાનો હેતુ ગુનાને ડામવાનો છે,ગુનેગારને ડામવાનો નથી તથા ગુનેગારને સુધરવાની તક આપી સમાજમાં તેને ફરીથી સન્માનપુર્વક જીવન મળે તેવો કાયદાનો હેતુ છે.તથા ઉપરોકત ચુકાદાઓ અનુસાર આરોપી પર દયા બતાવી હળવી સજા કરવા માટેનાં પુરતાં ગણી શકાય તેવાં કારણો છે. આ ગુનાના તમામ સંજોગો,ગુનાનો પ્રકાર અને પ્રમાણ,આરોપીએ સ્વેચ્છાએ કરેલ ગુનાની કબુલાત,આરોપીની આર્થિક−સામાજીક સ્થિતી અને આરોપી દયાની માગણી કરતો હોઈ,આરોપીને સજા કરતી વખતે ઉદાર વલણ રાખી સુધરવાની તક આપવાથી મહત્તમ સજા કરતાં ઓછી સજા કરવામાં આવશે તો ન્યાયનો હેતુ જળવાય તેમ જણાતું હોઈ,વધુમાં આરોપીનો સમય, સરકારી સાહેદોનો સમય તથા કોર્ટનો સમય તથા જે આ ટ્રાયલ પાછળ વ્યતિત થાય અને ટ્રાયલને અંતે આરોપી કસુરવાર ઠરે ત્યારે તેણે ગુના કબુલ સંદર્ભે રજુ કરેલી હકીકતોની સાથે સરકાર તથા કોર્ટનો અને પક્ષકારનો જે સમય બચે છે તે અન્ય ગંભીર ગુનાની ટ્રાયલમાં ઉપયોગ કરી શકાય તેમ હોઇ ઉપરાંત આરોપી જયારે પસ્તાવા સાથે ગુનાની કબુલાત કરતો હોય ત્યારે રેકર્ડ ઉપર આવેલી તમામ

હકીકતો અને તમામ પરિસ્થિતિઓને ધ્યાને લઇ તેમજ ગુજરાત રાજય વિ. નટવર હરચંદજી ઠાકોરના ચુકાદામાં ના. વડી અદાલતે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લઇ નક્કી કરેલી ઓછામાં ઓછી સજા કરતા ઓછી સજા કરીને ઓછામાં ઓછો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે તો ન્યાયનું હિતજળવાઇ રહે તેમ હોઇ ઉપરોકત સંજોગોને ધ્યાને લઇ આરોપીને દોષિત ઠરાવી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:: હુ ક મ ::-**

આ કામે આરોપીને ધી. ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ ૬૬(૧)બી મુજબના ગુન્હામાં કોર્ટ ઉઠતા સુધીની સજા તથા રૂ. ૫૦૦/- (અંકે રુપિયા પાંચસો પુરા) નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે અને જો દંડ ન ભરે તો દિન-૫ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

આરોપીનાં અગાઉ રજુ કરેલ જુના જામીન છ માસ સુધી ચાલુ રાખવામાં આવે છે.

હુકમ આજરોજ સ્પે.સિટિંગમાં તા.૧૨મી,માહે-નવેમ્બર,સને-૨૦૨૨ ના રોજ વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૨/૧૧/૨૦૨૨
લોધીકા

(Mohammedyunus A.Piprani)
Principal civil Judge & J.M.F.C.
Lodhika.
**Code No.GJ**01222